# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ


ક્રમાંક :ક.યુ/રજી./ઉનાળુ વેકેશન/૨૦૨૩–૨૪/ ૧૮૫

યુનિવર્સિટી કાર્યાલય, મુન્દ્રા રોડ, ભુજ.

તા:૨૮/૦૪/૨૦૨૩

**પરિપત્ર નં : ૫૯**

કચ્છ યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કાર્મચારીઓને મા.કુલપતિશ્રીના આદેશાનુંસાર જણાવવાનું કે, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૮/૬૧/ખ–૧, તા:૧૯/૦૫/૨૦૨૨ અન્વયે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૨–૨૩ માટે નિયત કરેલ કોમન એકેડેમિક કેલેન્ડર અનુસાર તા:૦૧/૦૫/૨૦૨૩ થી તા:૧૪/૦૬/૨૦૨૩ સુધી ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવે છે. આથી તા:૦૧/૦૫/૨૦૨૩ થી તા:૧૪/૦૬/૨૦૨૩ સુધી યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનો તથા કોલેજ/ઇન્સ્ટીટયુટ/સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. નવા શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩–૨૪ની શરૂઆત તા:૧૫/૦૬/૨૦૨૩ થી રાબેતા મુજબ ફરજ બજાવવાની રહેશે. આપને વેકેશન દરમિયાન સોંપવામાં આવતી પરીક્ષાલક્ષી કામગીરી કરવાની રહેશે. જેની સર્વે નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

નકલ રવાના:–

૧. માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.
૨. પરીક્ષા નિયામકશ્રી તરફ.
૩. મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરફ.
૪. યુનિવર્સિટીના તમામ વિભાગો તરફ.
૫. યુનિવર્સિટી સલંગ્ન તમામ કોલેજો તરફ.

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ–કચ્છ
૩૭૦૦૦૧

રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટેનું કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવા બાબત.

ગુજરાત રાજ્ય
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:-પરચ/૨૦૧૮/૬૧/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૦૫/૨૦૨૨

આમુખ:-

શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે વખતો વખત કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવામાં આવે છે. હાલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે પણ કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે પણ શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓના મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે નીચે મુજબનું કોમન એકેડમિક કેલેન્ડર આથી નિયત કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | સમયગાળો (તારીખ) |
|---|---|---|
| ૧. | પ્રથમ સત્ર (UG સેમ. 3 & ૫ તથા PG સેમ. 3) | તા:૧૫-૦૬-૨૦૨૨ થી શૈક્ષણિક કાર્ય શરૂ કરવું.<br>(તા. ૧૫-૦૬-૨૦૨૨ થી તા. ૧૪/૧૨/૨૦૨૨ સુધી ટીચિંગ સહિત પ્રથમ સત્રના કામકાજના ૧૩૨ દિવસો) |
| | પ્રવેશ પ્રક્રિયા: | તા: ૦૧-૦૬-૨૦૨૨ થી તા.૨૨-૦૬-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવી. (ધોરણ-૧૨ના પરિણામ જાહેર થયા પછી) |
| | પ્રથમ સત્ર (UG /PG સેમ. ૧) | તા:૨૩/૦૬/૨૦૨૨ થી શરૂ કરવું. |

| | | |
|---|---|---|
| ૨. | દિવાળી વેકેશન | તા:૧૯-૧૦-૨૦૨૨ થી તા.૦૮-૧૧-૨૦૨૨ સુધી (Proposed) (૨૧ દિવસો)<br>દિવાળી વેકેશન ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સહિત ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની યુનિવર્સિટીઓ/કોલેજોમાં સમાન રહેશે. |
| ૩. | યુનિ.વિભાગ/કોલેજોનું આંતરીક મૂલ્યાંકન | વીક્લી ટેસ્ટ/ પ્રોજેક્ટ વર્ક/ ગ્રૂપ ડીસ્કશન વગેરેથી પ્રથમ સત્રના અંત પહેલા અથવા યુનિવર્સિટીઓ દ્વારા નક્કી કરવામાં આવશે. (તા.૦૯/૧૧/૨૦૨૨ થી તા.૧૪/૧૨/૨૦૨૨ દરમિયાન) |
| ૪. | પ્રથમ સત્ર સમાપ્તિ | તા: ૧૪/૧૨/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવું. |
| ૫. | દ્વિતીય સત્ર (UG સેમ. ૪ & ૬ તથા PG સેમ.૪) | તા.૧૫/૧૨/૨૦૨૨ થી તા. ૩૦/૦૪/૨૦૨૩ સુધી (ટીચિંગ સહિત દ્વિતીય સત્રના કામકાજના ૧૦૬ દિવસો) |
| ૬. | યુનિ. વિભાગ/કોલેજોનું દ્વિતીય સત્ર આંતરીક મૂલ્યાંકન | વીક્લી ટેસ્ટ/ પ્રોજેક્ટ વર્ક/ ગ્રૂપ ડીસ્કશન વગેરે થી માર્ચ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવી. દ્વિતીય સત્રના અંત પહેલાં અથવા યુનિવર્સિટીઓ દ્વારા (તા.૨૩/૦૩/૨૦૨૩ થી તા.૩૦/૦૪/૨૦૨૩ દરમિયાન) નક્કી કરવામાં આવશે. |
| ૭. | દ્વિતીય સત્ર સમાપ્તિ | તા:૩૦/૦૪/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવું. |
| ૮. | ઉનાળું વેકેશન | તા.૦૧/૦૫/૨૦૨૩ થી તા.૧૪/૦૬/૨૦૨૩ (૪૫ દિવસો) |
| ૯. | નવું શૈક્ષણિક સત્ર ૨૦૨૩-૨૪ | તા: ૧૫/૦૬/૨૦૨૩ થી શરૂ કરવું. |

વેકેશન દરમિયાન યુનિવર્સીટીની વિવિધ સેમેસ્ટરની પરિક્ષાઓ દરમ્યાન ટીચિંગ/નોન ટીચિંગ સ્ટાફ દ્વારા પરીક્ષાઓ અંગેની તમામ ડ્યુટી બજાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.(અલાયદા પત્ર દ્વારા)
-માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી (ઉ. & ટે. શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-કુલસચિવશ્રી, સંબંધિત સર્વે યુનિવર્સિટીઓ અને સંબંધિત સર્વે સરકારી કોલેજો (મારફત ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર./મારફત ટેકનિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર)
-એડવાઇઝરશ્રી, કે.સી.જી. કચેરી, પ્રજ્ઞાપુરમ, એલ.ડી.ઇજનેરી કોલેજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ
-નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
-શાખા સિલેક્ટ ફાઇલ.